અપીલ અરજી નં.૩૪૧ તા.૧૯–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર)
ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ.અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ )
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.
(સો.વે.મે.યુસીડી,આઈસીડીએસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન, હાઈડ્રોલીક)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,રીક્રુટમેન્ટ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૯૩ હેવી વ્હીકલ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી બનાવવાની જાહેરાત નં. પી.આર.ઓ. ૫૯૭ તા. ૧૯–૩–૦૭ના પ્રેકટીકલ ઈન્ટરવ્યુ લેનાર શ્રી યુ.જી.નાયક ડે.ઈજનેર (વર્કશોપ) ફકત મશીન મીકેનીકનો ડીપ્લોમા ધરાવતાં (ઓટોમોબાઈલ એન્જીનીયરીંગની ડીગ્રી વગરના )હોય તેમ છતાં તેઓશ્રીએ કુલ ૯૨૨ હેવી વ્હીકલના ડ્રાઈવરોમાંથી ૨૭૬ હેવી વ્હીકલ ડ્રાઈવરો પસંદ કર્યા હોય જેની સ્પષ્ટતા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ:– અરજદાર મજકુરની અપીલ તા. ૧૯–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૧/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૯૩ હેવી વ્હીકલ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી બનાવવાની જાહેરાત નં. પી.આર.ઓ. ૫૯૭ તા. ૧૯–૩–૦૭ના પ્રેકટીકલ ઈન્ટરવ્યુ લેનાર શ્રી યુ.જી.નાયક ડે.ઈજનેર (વર્કશોપ) ફકત મશીન મીકેનીકનો ડીપ્લોમા ધરાવતાં (ઓટોમોબાઈલ એન્જીનીયરીંગની ડીગ્રી વગરના) હોય તેમ છતાં તેઓશ્રીએ કુલ ૯૨૨ હેવી વ્હીકલના ડ્રાઈવરોમાંથી ૨૭૬ હેવી વ્હીકલ ડ્રાઈવરો પસંદ કર્યા હોય જેની સ્પષ્ટતા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે અધુરી, અપારદર્શી અને ગેરમાર્ગે દોરતી માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯ –૧૦–૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૧ તા.૩–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર) , ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ.અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (સો.વે.મે.), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને લાગત જાહેર માહિતી અધિકારીએ માહિતીની નકલો પુરી પાડવા પ્રસ્તાવ કરેલ છે તે મળ્યા બાદ કઈ બાબતે ,કયા મુદ્દા પરત્વે ,કયા જાહેર માહિતી

અધિકારી માટે મુળ અરજી સંદર્ભે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે વધુમાં તેમની તા. ૨૭–૫–૧૧ની અરજીની જાહેરાત નં. પી.આર.ઓ. ૫૯૭ તા. ૧૯–૩–૦૭ અંગની માહિતી બાબતે અત્રેના હુકમ નં. આરટીઆઈ સેલ/૭૫૯ તા. ૭–૯–૧૧થી તપાસણીની તક પણ પુરી પાડવામાં આવેલ છે તે જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૪૬ તા.૧૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૯૨૩ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન, આસી. નોડલ ઓફિસર, પર્સોનલ ઓફિસર મહેકમ, ડે.ઈજનેર વર્કશોપને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આંન.૫૮૬ તા.૨૦–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને નાણા ભરવા અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૫૭૧ તા.૧૨–૯–૧૧ ના પત્રની નકલ તથા ૧ થી ૧૯ ડ્રાઈવરોના લીસ્ટની યાદીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/૭૩૩ તા.૧૪–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઓટો/વર્કશોપ/આ.નં.૫૨૦ તા.૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૫૪૩૮ તા.૧૪–૧૧–૧૧ થી નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૪૩૬૪ તા.૨૮–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૫૪ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોનની તબદીલ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૯૮૪ તા.૧૩–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ, તમામઝોન, ફાયર વિભાગ, સો.વે.મે. વિભાગ, માર્કેટ, ડ્રેનેજ, ગાર્ડન, હાઈડ્રોલીક, સેન્ટ્રલ સ્ટોર્સ, વોચ એન્ડ વોર્ડ, મો. ડીસ્પેન્સરી, વેકસીનેશન બ્રાંચ, યુસીડી, ટાઉન પ્લાનીંગ , વીજીલન્સ, વર્કશોપ, આઈસીડીએસ, મ.ભ.યો., સ્મીમેર, વીબીડીસી વિભાગોને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે નાણા ભરવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૪૩ તા.૨૩–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને મુદ્દા નં. ૨ અને ૫ અંગે આપેલ માહિતી અંગેનં.જીએડી/ઈએસટી/ ૨૨૮૧ તા.૩–૧૦–૧૧ ના પત્રની નકલ, કમિ.શ્રીની તા.૨૧–૫–૦૯, ૧–૬–૦૯, ૨૩–૮–૦૯, ૨–૧–૧૦, ૨૩–૧–૧૦, ૧૫–૩–૧૦,૧૧–૭–૧૦ ના રીપોર્ટ ની મંજુરીના પત્રોની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૧૪૩ તા.૨૩–૩–૧૦, નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ ના હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ ના હુકમની નકલ, નં.જીએડી/ ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી પત્ર નં.સી.એસ./આ.નં.૮૫૯ તા.૧૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તથા મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.એસ./ ડબલ્યુ/ એએસી/આ.નં.૪૪૪ તા.૩૦–૯–૧૧ ના પત્રની નકલ તેમજ એકનોલલેજમેન્ટ રલીપની નકલ, નં.સી.એસ./ ડબલ્યુ/એએસી/આ.નં.૪૬૬ તા.૭–૧૦–૧૧ ના પત્રની નકલ, નં.સી.એસ./ડબલ્યુ/એએસી/આ.નં. ૪૯૦ તા.૧૮–૧૦–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, મહેકમ વિભાગોનો પત્ર નં.જીએડી / ઈએસટી / ૬૧૭ તા.૫–૬–૦૯ ના હુકમની નકલ, જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ ના હુકમની નકલ અત્ર ે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએડી/સો.વે.મે./ઈ.નં.૨૧૨૦ તા.૧૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં.૧૧૮૧ તા.૧૨–૧૦–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, ૧૬ ડ્રાઈવરોની આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૧–૧૧ ના પત્રથી પૂરક વિગત માંગતા પત્રમાં જ અરજદારે ૧૮૩ ડ્રાઈવરોની માહિતી મળ્યાનું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી દીઠ કોઈ નારાજગીની વિગતો સ્પષ્ટ કરેલ નથી કે બોગસ અને અસત્ય માહિતી બાબતે કોઈ આધાર જણાવેલ નથી.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી સેકશન અધિકારી આરટીઆઈ સેલને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૯૨૩ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન, ડે.ઈજનેર વર્કશોપ, આસી. નોડલ ઓફિસર આરટીઆઈ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૮૪ તા.૧૩–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ, તમામઝોન, ફાયર વિભાગ, સો.વે.મે. વિભાગ, માર્કેટ, ડ્રેનેજ, ગાર્ડન, હાઈડ્રોલીક, સેન્ટ્રલ સ્ટોર્સ, વોચ એન્ડ વોર્ડ, મો. ડીસ્પેન્સરી, વેકસીનેશન બ્રાંચ, યુસીડી, ટાઉન પ્લાનીંગ , વીજીલન્સ, વર્કશોપ, આઈસીડીએસ, મ.ભ.યો., સ્મીમેર, વીબીડીસી વિભાગોને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ અને ૨ આંશિક માટે મહેકમ (રીક્રુટમેન્ટ) ને તથા મુદ્દા નં.૫ આંશિક અંગે તમામને તબદીલ કરવામાં આવેલ. વધુમાં સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૮૧ તા.૩૦–૯–૧૧ થી મુદ્દા નં.૧ અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૯૨૩ તા.૩–૯–૧૧ થી વર્કશોપ અને મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૨ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગને તથા મુદ્દા નં.૩ અને ૪ અંગે આરટીઆઈ સેલ વિભાગને તથા મુદ્દા નં.૫ અંગે તમામઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ૯૩ હેવી વ્હીકલ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી બનાવવાની જાહેરાત નં. પી.આર.ઓ. ૫૯૭ તા. ૧૯–૩–૦૭ના પ્રેકટીકલ ઈન્ટરવ્યુ લેનાર શ્રી યુ.જી.નાયક ડે.ઈજનેર (વર્કશોપ) ફકત મશીન મીકેનીકનો ડીપ્લોમા ધરાવતાં (ઓટો મોબાઈલ એન્જીનીયરીંગની ડીગ્રી વગરના) હોય તેમ છતાં તેઓશ્રીએ કુલ ૯૨૨ હેવી વ્હીકલના ડ્રાઈવરોમાંથી ૨૭૬ હેવી વ્હીકલ ડ્રાઈવરો પસંદ કર્યા હોય જેની સ્પષ્ટતા અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૨) સ્ટાફ સીલેકશન સમિતિના અધિકારીઓ એક પણ ઓટો મોબાઈલ એન્જી. ની ડીગ્રી ધરાવતા ન હોવા છતાં તથા હેવી વ્હીકલ ટ્રકનું જ્ઞાન –કૌશલ્ય ધરાવતા ન હોવા છતાં ૨૭૫ હેવી વ્હીકલ ડ્રાઈવરોમાંથી કુલ ૨૧૮ હેવી વ્હીકલના ડ્રાઈવરોની જરૂરત ન હોવા છતાં પસંદગી કરી

અને નિમણુંક પર્સોનલ ઓફિસરે (મહેકમ–રીક્રુટમેન્ટ) આપી જેની સ્પષ્ટ અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં ઉપરોકત ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંકને લગતી મ્યુ. કમિ.શ્રીની જુદી જુદી મંજુરીની નકલો આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ડે.કમિ.(સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રી આરટીઆઈ એકટની કઈ કલમ – નિયમ અને જોગવાઈઓના આધારે અરજદારની પ્રથમ અપીલની સુનાવણી –રજૂઆત સાંભળ્યા વગર જ એક તરફી વહીવટી તરફી સદર અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ હુકમ કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે આરટીઆઈ સેલ તરફથી પત્ર નં.આરટીઆઈ/આ.નં.૭૬૩ તા.૮–૯–૧૧ થી પ્રથમ અપીલ અધિકારી કક્ષાએથી ગુણદોષના આધારે દસ્તાવેજી પુરાવા બંને પક્ષની કેફીયત –રજૂઆત પ્રતિ રજૂઆત ધ્યાને લઈ નિકાલ કરવામાં આવે છે. આરટીઆઈ એકટની કલમ–૧૮(૩) હેઠળની સત્તા રાજય માહિતી આયોગને હોઈ તે અત્રે અનુસરવાનું આદેશાત્મક રહે નહીં. તેવું જણાવેલ છે. મુદ્દાં ન.૪ આસી. નોડલ ઓફિસર શ્રી એચ.એસ. ભાવસાર આરટીઆઈ સેલથી પ્રથમ અપીલ અરજી અરજદારની થયા બાદ પુરાવા –સ્પષ્ટતા જેવી માહિતી આરટીઆઈ એકટના કયા નિયમ –કલમ અને જોગવાઈ અનુસાર માંગે છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે આરટીઆઈ સેલ તરફથી પત્ર નં.આરટીઆઈ/આ.નં.૭૬૩ તા.૮–૯–૧૧ થી નિયત સમયમાં મુદ્દા નં. ૩ મુજબ આરટીઆઈ હેઠળની અપીલના નિકાલ માટે વિગતો આવશ્યક હોઈ આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) , આરટીઆઈ નિયમો–૨૦૧૦ ના નિયમ–૬ તથા નમુના–ચ હેઠળ અમલવારી કરવામાં આવે છે. "આરટીઆઈ એકટ–૨૦૦૫, આરટીઆઈ નિયમો–૨૦૧૦ સુરત મહાનગપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in ઉપર પણ મુકવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં મુદ્દા નં.૩ અને ૪ આ.નં.૭૬૩ તા.૮–૯–૧૧ થી આપેલ માહિતી બોગસ અને અસત્ય હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૧ તા.૩–૧૧–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર અપીલ તબકકે તક આપવા છતાં આધાર રજૂ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારે કાયદાકીય જોગવાઈઓની મુદ્દા નં.૩ અને ૪ માં માંગણી કરેલ છે. અને તે કાયદાકીય જોગવાઈઓ જણાવવામાં આવેલ છે. તેથી કાયદાકીય જોગવાઈઓ ખોટી હોવાનું અરજદારનો આગ્રહ કાયદા સાથે સુસંગત નથી. મુદ્દા નં.૫ કુલ ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની સાત ઝોનમાં તથા અન્ય વિભાગમાં નિમણુંક તાલીમાંર્થી તરીકે આપેલ હોય તો તે ઝોન/વિભાગનું તાલીમાર્થીનું, કર્મચારી નંબરનું અને વ્હીકલ નંબર નામ સહિતની માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં ઉપરોકત ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જુદા જુદા ઝોન/વિભાગોમાં અત્રેની કચેરીના હુકમ નં.જીએડી/ ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ (૨) જીએડી/ઈએસટી/ ૧૬૪૬ તા.૩૧–૮–૦૯ (૩) જીએડી/ઈએસટી/૪૧૪૩ તા.૨૩–૩–૧૦ (૪) જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૭–૧૦ થી કરવામાં આવેલ સદર હુકમમાં નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારનું નામ ઝોન/વિભાગનું નામ દર્શાવવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે તથા સદરહુ ડ્રાઈવરોના કર્મચારી નંબર તથા ફાળવવામાં આવેલ વાહનની વિગત જે તે લાગત ઝોન/વિભાગમાંથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય તેમની અરજીની અરજી મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૮૪ તા.૧૩–૯–૧૧ થી લાગત ઝોન /વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો/વર્કશોપ/આ.નં.૫૨૦ તા.૭–૯–૧૧ થી નિયત સમય અવધિમાં મહેકમ–રીક્રુટમેન્ટ વિભાગે કુલ–૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે ઝોન/વિભાગમાં કરેલ જે પૈકી મ્યુ. વર્કશોપ ખાતે ડ્રાઈવર તરીકે કણબી દિનેશભાઈ સનતભાઈ (કર્મ નં.૮૦૫૭૨) હાલમાં એમ. એન્ડ એમ. ની ૫ વાહન નં.જીજે–૫/જી –૨૧૧ ૫૨ ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર ન.વેસ્ટઝોન/આ.નં.૫૭૧ તા.૧૨–૯–૧૧ થી નિયત સમય અવધિમાં તમો ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી વેસ્ટઝોન ખાતે નિમણુંક આપવામાં આવેલ કર્મચારીઓની માહિતીની નકલ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– વેસ્ટઝોન કચેરીએ ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. જે અંગે રસીદ નં.સે.ઝોન/૩૪૧૨૩ તા.૧૭–૯–૧૧ ના રોજ ભરપાઈ કરેલ. જે અંગે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૫૮૬ તા.૨૦–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ૧ થી ૧૯ હેવી વ્હીકલના નામ, નંબર અને ડ્રાઈવરના કર્મ. નંબર સાથેની વિગતો પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આ.નં.૧૫૦ તા.૧૪–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ૧ થી ૧૯ વ્હીકલ નંબર,વ્હીકલનાં નામ, ડ્રાઈવરનું નામ તથા કર્મચારી નંબર સાથેની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા વિભાગ તરફથી વીબીડીસી/પીએચડી/આ.નં.૧૦૨૧ તા.૧૫–૯–૧૧ થી સમય અવધિમાં મહેકમ ખાતાના ઓર્ડર નં.જીએડી/ઈએસટી/ ૧૬૪૬ તા.૩૧–૮–૦૯ થી ફાયલેરીયા વિભાગના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં ડ્રાઈવર તરીકે શ્રી ઈશ્વરભાઈ જયંતિભાઈ પટેલ હાજર થયેલ છે. તેઓનો કર્મ નં.૮૦૮૮૦ છે. તેઓ ખાતાની ની ૫ નં.જીજે/૧૮, જી–૨૪૭ નું ડ્રાઈવીંગ કરે છે.તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૨૪૭ તા.૧૬–૯–૧૧ થી સમય અવધિમાં શ્રી પરેશભાઈ પી. ગોસ્વામી કર્મ નં.૮૦૫૫૫ જીજે–૫–જી–૮૬૧ (લાઈટ વ્હીકલ) તા.૧૦–૬–૦૯ થી નિમણુંક થયેલ અને તા.૨૪–૬–૧૦ થી ખાતામાં ફરજ બજાવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં.આઈસીડીએસ/૧૬૩ તા.૧૭–૯–૧૧ થી સમય અવધિમાં આઈસીડીએસ ઘટક–૨ માં મુકેશકુમાર ગણપતસિંહ ગોહિલ કર્મ નં.૮૦૬૨૦ તા.૮–૬–૦૯ થી મોબાઈલ મારૂતિવાન જીજે–૧૮–જી–૩૬૧૬ પર ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. તથા સરખા વિષય વસ્તુ અંગે અરજદારને અગાઉ ઘટક–૧ થી ૩ ની આઈસીડીએસ/એસએમસી/૯૬ તા.૨૪–૬–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ તેની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૨૨૯૦ તા.૧૯–૯–૧૧ થી સમય અવધિમાં વિજય બી. પટેલ કર્મ નં.૮૦૫૯૭ તાલીમાર્થી એમ્બ્યુલન્સ, વાન ગાડી નં.જીજે–૫– ડબલ્યુ –૮૪૯૫

માં ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૦૦૯ તા.૨૦–૯–૧૧ થી સમય અવધિમાં માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૫૧૭ તા.૨૩–૯–૧૧ થી નિયત સમય અવધિમાં વોચ એન્ડ વોર્ડ વિભાગ તરફથી આ.ન.૨૦૨ તા.૯–૬–૧૧ થી પાઠવેલ પ્રત્યુત્તર જોઈ જવા જણાવેલ છે. જે અંગે અપીલ તબકકે અરજદાર ધ્વારા કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગ તરફથી પીએચડી/માર્કેટ/આ.નં.૬૬૧ તા.૨૦–૯–૧૧ થી સમય અવધિમાં ૪ ડ્રાઈવરો નામ , વ્હીકલ નંબર ,કર્મચારી નંબર અને બજાવતા ફરજ સાથેની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મોબાઈલ ડીસ્પેન્શરી તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૫૦૭ તા.૨૬–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ૪ ડ્રાઈવરોના નામ, કર્મ નંબર વ્હીકલ નંબર અને નામ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૪૩ તા.૨૩–૯–૧૧ થી નિયત સમય અવધિમાં રૂ.૫૨/– જમા કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનની રસીદ નં.૩૪૨૦૦ તા.૨૯–૯–૧૧ થી રૂ.૫૨/– ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી અરજદારને ઉપરોકત મુદ્દા નં.૨ અને ૫ માં જણાવેલ વિગતે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલમાં ડ્રાઈવરોની સંખ્યા વગર સા. સભાની ઠરાવની નકલ આપવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારને જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક ને લગતી મ્યુ. કમિ. ની જુદી જુદી મંજુરીની નકલો તથા ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંકને લગતા જુદા જુદા ઝોન/ વિભાગમાં કરવામાં આવેલ નિમણુંકને લગતા કચેરી હુકમની નકલો પાઠવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૫૪ તા.૨૭–૯–૧૧ થી ૧ થી ૨૨ ડ્રાઈવરોના નામ કર્મચારી નંબર, હેવી વ્હીકલ નંબર અને હેવી વ્હીકલના નામ સહિતની વિગતો પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૩૬૪ તા.૨૮–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને ૧ થી ૧૫ ડ્રાઈવરોના નામ કર્મ.નંબર, વાહનનો પ્રકાર અને વાહન નંબર સહિતની વિગતો પૂરી પાડેલ છે. જેમાં અરજદારે ૧૫ ડ્રાઈવરો પૈકી ૧૪ ની માહિતી આપેલ છે અને અનુક્રમ નં.૧૩ જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી માહિતી જણાતી નથી. મધ્યસ્થ મહેકમ તરફથી ડ્રાઈવરની બદલી જરૂરીયાત મુજબ કરવામાં આવેલ છે તેવા રીમાર્કસમાં જણાવેલ છે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર ન.ડીએનજી/ આ.નં. ૩૦ તા.૩૦–૯–૧૧ થી ૧ થી ૧૦ ડ્રાઈવરોના નામ, કર્મ. નંબર વાહનનો પ્રકાર અને વાહન નંબરની માહિતી પૂરી પડાયેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૧૮૧ તા.૩૦–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ૧ થી ૩૫ ડ્રાઈવરનું નામ, કર્મ. નંબર, હેવી વ્હીકલ નંબર અને હેવી વ્હીકલનો પ્રકાર સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી પત્ર નં.સીએસ/ડબલ્યુ/એએસી/૪૪૪ તા.૩૦–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ડ્રાઈવર એક ની માહિતી પૂરી પાડેલ છે. જે અંગેના બદલી અને ફરજ અંગેના હુકમોની નકલ મેળવવા રૂ.૨૪/– ભરપાઈ કરવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૪૨૫૭ તા.૭–૧૦–૧૧ થી ભરપાઈ કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સીએસ/ડબલ્યુએએસી/૪૯૦ તા.૧૮–૧૦–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલમાં રૂ.૨૪/– તા.૭–૧૦–૧૧ ના રોજ ફી ભરેલ હોવા છતાં માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અત્રે આપેલ પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.સીએસ/ડબલ્યુ/એસી/૪૯૦ તા.૧૮–૧૦–૧૧ થી અરજદારને તે માહિતી પૂરી પડાયેલ જણાય છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૪૩૮ તા.૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને ૧ થી ૧૪ ડ્રાઈવરોના નામ નંબર, વાહનનો પ્રકાર અને વાહન નંબર સહિતની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી પત્ર નં.એફઈએસ/ ૩ ૪૦૩ તા.૧૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિ બાદ ૧ થી ૯૩ વાહનોના નામ અને નંબર તેમજ ૧ થી ૨૬ ડ્રાઈવરોના નામ અને કર્મ નંબરની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં.મભયો/અમલ/આરટીઆઈ/રજી. નં.૧૨/૨૦૧૧ તથા મભયો/આ.નં.૩૮૯ તા.૧૧–૧૦–૧૧ થી માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર ન.પીએચડી/ સોવેમે./આ.નં.૧૧૮૧ તા.૧૨–૧૦–૧૧ થી નિયત સમય અવધિ બાદ ૧૨ ડ્રાઈવરોની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કર્મ ના નામ નંબરઅને વાહનનો પ્રકાર અને વાહન નંબર સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં ૧૨ ડ્રાઈવરોના નામ નંબર ગાડી નંબર અને વાહનના પ્રકાર સહિત તેમજ ૪ ડ્રાઈવરોની બદલી અન્ય વિભાગમાં થયેલ હોય તે ડ્રાઈવરોની નામ નંબર સહિત કુલ–૧૬ ડ્રાઈવરોની માહિતી અરજદારને અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૬૭ તા.૧૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિ બાદ ૧ થી ૧૮ કર્મ ના નામ નંબર અને વાહનનો પ્રકાર અને વાહન નંબર સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૧૧ તા.૧૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિ બાદ ડે.કમિ.શ્રી (પીએન્ડડી) ના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ મુજબ શ્રી ગુલાબગીર તોતાગીર બાવાને ટાઉન પ્લાનીંગ ખાતાના જમીન મિલ્કત વિભાગમાં તાલીમાર્થી ડ્રાઈવર તરીકે અને તેઓએ ગાર્ડન ખાતામાં ફરજ બજાવવી તે રીતે નિમણુંક આપવામાં આવેલ છે તેઓના કર્મ નં.૮૦૮૮૪ અને વ્હીકલ નં.જીકયુસી/૬૮૭૦ નું નામ હેવી વ્હીકલ (પાણીનું ટેન્કર) તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં ૧૮૩ ડ્રાઈવરોની માહિતી મળ્યાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે તમામ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નાણા ભરી માહિતી મેળવી જણાતી નથી જયારે વિલંબથી મળેલ સંખ્યા સાથે સરખાવેલ

જણાતું નથી. અત્રે એ પણ સૂચક છે કે મહેકમ વિભાગે તમામ હુકમોની નકલો અરજદારને પૂરી પાડેલ છે. જેથી તકરારને સ્થાન રહેતું નથી. મુદ્દા નં. ૫ અંગે હાઈડ્રોલીક અને યુસીડી વિભાગ તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આ ઉપરાંત અરજદારને સરખા વિષય વસ્તુ અંગે અગાઉના તપાસણી સહિતના હુકમો કરવામાં આવેલ છે. પસંદગી સમિતિ અંગેની રજૂઆત તકરાર નિવારણને લગતી બાબત હોઈ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. જયારે મુદ્દા નં.૧ અને ૨ અંગે અરજદારે કોઈ સ્પષ્ટ માહિતી માંગ્યાનું જણાતું નથી. તેમ છતાં અરજદારને આ અંગે વખતો વખત પૂરી પાડેલ પસંદગી સમિતિની નિમણુંક અંગેના કમિશનરના આદેશથી તે સ્પષ્ટ થાય છે કે પસંદગી સમિતિની નિમણુંક સક્ષમ સત્તાના આદેશો અન્વયે થયેલ છે જેથી મુદ્દા નં.૧ થી ૫ અંગે અરજદારની અપીલમાં તકરારને કોઈ સ્થાન નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા ન.૫ અંગે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક અને યુસીડી તરફથી પૂરી પાડવામાં નહીં આવેલ તથા આરટીઆઈ એકટ કલમ–૬(૧) મુજબ દરેક અરજી સ્વતંત્ર હોઈ આઈસીડીએસ વિભાગ તરફથી ઘટક –૨ માં ગાડી નં.જીજે–૧૮જી–૩૬૧૬ ની માહિતી પૂરી પાડેલ છે . જયારે અન્ય વાહનો ઘટક–૧ થી ૩ બાબતે આ અગાઉ આઈસીડીએસ/૯૬ તા.૨૪–૬–૧૧ થી પૂરી પડાયેલ વિગતોની નકલ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તથા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને જણાવવામાં આવે છે. વધુમાં અરજદારની પસંદગી સમિતિની રજૂઆત તકરાર નિવારણને લગતી હોઈ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર), ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ.અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (સો.વે.મે.યુસીડી,આઈસીડીએસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન, હાઈડ્રોલીક), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,રીક્રુટમેન્ટ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર